પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૭૩ | ૧૫ ડિસેમ્બર, ૨૦૨૧, બુધવાર; માગશર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જથ્થાબંધ મોંઘવારી આંક ૧૨ વર્ષમાં સૌથી વધુ

### હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ ૧૨.૫૪ ટકાથી વધીને ૧૪.૨ ટકા થયો : ખાવા પીવાની વસ્તુઓનો મોંઘવારી દર નવેમ્બર મહિનામાં ૩.૦૬ ટકાથી વધીને ૬.૭૦ ટકા નોંધાયો



નવી દિલ્હી, તા.૧૪

દેશમાં મોંઘવારી વધી રહી છે અને હવે જથ્થાબંધ મોંઘવારી દર એટલે કે હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ ૧૨.૫૪ ટકાથી વધીને ૧૪.૨ ટકા થઈ ગયો છે. ન્યૂઝ એજન્સીના અહેવાલ પ્રમાણે દેશમાં મોંઘવારીનો આંકડો ૧૨ વર્ષમાં સૌથી ઉપરની સપાટીએ પહોંચ્યો છે.પેટ્રોલ ડિઝલ તેમજ વીજળીના ભાવમાં થઈ રહેલા વધારાના કારણે મોંઘવારી વધી રહી છે. મંગળવારે જાહેર કરાયેલા આંકડા પ્રમાણે ખાવા પીવાની વસ્તુઓનો મોંઘવારી દર નવેમ્બર મહિનામાં ૩.૦૬ ટકાથી વધીને ૬.૭૦ ટકા નોંધાયો છે.જ્યારે ફ્યુલ અને પાવર સેકટરની મોંઘવારી ૩૭.૧૮ ટકાથી વધીને ૩૯.૧૮ ટકા થઈ ગઈ છે.

ઈંડા અને મીટનો હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ ૧.૯૮ ટકાથી વધીને ૯.૬૬ ટકા પર પહોંચ્યો છે. બટાકાનો જથ્થાબંધ મોંઘવારી દર માઈનસ ૫૧.૩૨ ટકાથી વધીને ૪૯.૫૪ ટકા તેમજ શાકભાજીનો મોંઘવારી દર માઈનસ ૧૮.૪૯ ટકાથી વધીને ૩. ૯૧ ટકા થયો છે.દૂધના મોંઘવારી દરમાં ૧.૬૮ ટકાથી ૧.૮૧ ટકાનો વધારો થયો છે.

## મોદી મધરાત્રે કાશી નીહાળવા નીકળતા કાશીવાસીઓ ચોંકી ગયા

### ગોદૌલિયા પર ટહેલ્યા બાદ વિશ્વનાથ મંદિર, રેલવે સ્ટેશન પહોંચ્યા







નવી દિલ્હી,તા.૧૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અડધી રાતે ફરીથી એકવાર કાશીવાસીઓને ચોંકાવી દીધા. રાતે બાર વાગ્યા સુધી ક્રૂઝ પર જ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કર્યા બાદ ગોદૌલિયા ચારરસ્તા પહોંચી ગયા. થોડીવાર સુધી પગપાળા ટહેલ્યા બાદ તેઓ વિશ્વનાથ મંદિર

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીમાં નવા ચાર સાથે કુલ છ કેસ

### ભારતમાં ઓમિક્રોન વેરિઅન્ટના કુલ કેસની સંખ્યા ૪૯ પર પહોંચી : તાન્ઝાનિયાથી દિલ્હી પરત આવેલા દર્દીને કોવિડ નેગેટિવ હોવાનું જાણવા મળતાં તેમને એલએનજેપી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા

નવી દિલ્હી, તા.૧૪

રાજધાનીમાં નવા કોવિડ-૧૯ વેરિઅન્ટ 'ઓમિક્રોન'ના વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ અંગે સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને મંગળવારે આ જાણકારી આપી. હવે દિલ્હીમાં ઓમિક્રોનના કુલ ૬ કેસ છે. તેમજ રાજસ્થાનમાંથી પણ ચાર કોવિડ દર્દીઓને ઓમિક્રોનથી ચેપ લાગ્યો હોવાના અહેવાલો છે. એટલે કે ભારતમાં ઓમિક્રોન વેરિઅન્ટના કુલ કેસની સંખ્યા ૪૯ પર પહોંચી ગઈ છે. મહારાષ્ટ્રમાંથી સૌથી વધુ ૨૦ કેસ મળી આવ્યા છે. દિલ્હીમાં ઓમિક્રોનથી સંક્રમિત દર્દીને લોકનાયક જયપ્રકાશ નારાયણ (એલએનજેપી) હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જૈનના જણાવ્યા અનુસાર, એલએનજેપીમાં ૩૫ કોવિડ દર્દીઓ અને ૩ શંકાસ્પદ કેસ હાલમાં સારવાર હેઠળ છે. દિલ્હીમાં ઓમિક્રોન વેરિઅન્ટથી સંક્રમિત પ્રથમ દર્દી સ્વસ્થ થઈ ગયા છે. તાન્ઝાનિયાથી દિલ્હી પરત આવેલા દર્દીને કોવિડ નેગેટિવ હોવાનું જાણવા મળતાં તેમને એલએનજેપી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સોમવારે તેમને રજા આપવામાં આવી છે. એલએનજેપી હોસ્પિટલના મેડિકલ ડાયરેક્ટર સુરેશ કુમારે જણાવ્યું કે ૧૦ દિવસની સારવાર બાદ દર્દી સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયો છે. દર્દીએ રસીના બંને ડોઝ લીધા હતા. દર્દીને ક્યારેય ઓક્સિજન સપોર્ટની જરૂર જણાઈ ન હતી. હોસ્પિટલમાં હળવો તાવ અને નબળાઈ માટે જ તેની સારવાર કરવામાં આવી હતી. ડૉક્ટરે કહ્યું કે આરટીપીસીઆર ટેસ્ટ નેગેટિવ આવ્યા બાદ દર્દીને રજા આપવામાં આવી છે.

## કરણની પાર્ટીમાં ગયેલા અન્ય બે પણ કોરોનાથી સંક્રમિત

મુંબઈ, તા.૧૪

દુનિયાભરમા કોરોનાએ ફરી એકવાર પગ પસારવાની શરુઆત કરી લીધી છે. ભારતમાં પણ ધીરે ધીરે કોરોનાના કેસની સંખ્યા વધી રહી છે. આટલુ જ નહીં, કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનનું જોખમ પણ ટોળાઈ રહ્યું છે. સરકારોએ ફરી એકવાર કમર કસી લીધી છે અને કોરોનાનું સંક્રમણ વધે નહીં તેના પ્રયાસો શરુ કરવામાં આવ્યા છે. આ દરમિયાન બોલિવૂડમાં પણ કોરોનાનો પ્રવેશ થઈ ગયો છે. ગઈકાલે સમાચાર મળ્યા હતા કે કરીના કપૂર અને તેની ખાસ બહેનપણી અમૃતા અરોરા કોરોનાનો શિકાર બની છે. હવે અન્ય બે લોકો કોરોના પોઝિટિવ હોવાની જાણકારી મળી રહી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, ફિલ્મ કભી ખુશી કભી ગમના ૨૦ વર્ષ પૂરા થયા હોવાને કારણે કરણ જોહરના ઘરે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યુ હતું. ફિલ્મની સફળતાને સેલિબ્રેટ કરવા આ સ્ટાર્સ એકઠા થયા હતા. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કોરોનાનો પ્રસાર અહીંથી જ થયો હતો.

## કાશીના વિકાસ મોડેલને લાગુ કરવા ૧૨ રાજ્યોના મુખ્યમંત્રીઓને મોદીની સલાહ

### જુના શહેરોના મૂળ સ્વરુપને યથાવત રાખીને લોકો માટે સુવિધાઓ કેવી રીતે ઉભી કરી શકાય તેના પર ફોકસ કરવાની જરુર હોવાનું વડાપ્રધાને મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં કહ્યું

નવી દિલ્હી, તા.૧૪

પીએમ મોદીના કાશીના પ્રવાસનો આજે બીજો દિવસ છે અને આજે તેમણે ભાજપ શાસિત રાજ્યોના ૧૨ મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે મુખ્યમંત્રીઓને સંબોધન કરતા કહ્યુ હતુ કે, કાશીના વિકાસના મોડેલનો અભ્યાસ કરો અને તેને પોતાના રાજ્યોમાં લાગુ કરો.તમારા રાજ્યોમાં તેના પ્રચાર પ્રસારની પણ જરુર છે.જુના શહેરોના મૂળ



સ્વરુપને યથાવત રાખીને લોકો માટે સુવિધાઓ કેવી રીતે ઉભી કરી શકાય તેના પર ફોકસ કરવાની જરુર છે. ઉલ્લેખનીય છે કે, આ બેઠકમાં તમામ સીએમમને પોતાના રાજ્યમાં ચાલી રહેલી એક મોટી યોજના અંગે વિસ્તારપૂર્વક જાણકારી આપવા માટે કહેવાયુ હતુ.પીએમ મોદી જે રાજ્યોમાં ભાજપની સરકાર છે ત્યાં કેવી કામગીરી ચાલી રહી છે તે પણ જાણવા માંગતા હતા અને એટલે તેમણે તમામ બાર સીએમની બેઠક યોજી હતી. દરમિયાન બેઠકમાં તમામ મુખ્યમંત્રીઓએ પોતાના રાજ્યના વહિવટ અંગે પ્રેઝન્ટેશન આપ્યુ હતુ.સૌથી વધારે સમય યોગી આદિત્યનાથને અપાયો હતો. પીએમ મોદી બપોરે ૩-૩૦ વાગ્યે એક સભાને સંબોધવાના છે અને પાંચ વાગ્યે તેઓ દિલ્હી જવા રવાના થશે.

## કોરોનાના કારણે કરીનાનું બાંદ્રાનું ઘર સીલ, અભિનેત્રી હોમ ક્વોરન્ટાઈન

### કરિના કપૂર અને અમ્રિતા અરોરાને કોરોના

મુંબઈ, તા.૧૪

કરીના કપૂર ખાનનો સોમવારે કોવિડ-૧૯ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બીએમસીએ જણાવ્યું હતું કે, એક્ટ્રેસે પ્રોટોકોલનો ભંગ કર્યો હતો અને પાર્ટીમાં હાજરી આપી હતી. લેટેસ્ટ અપડેટ પ્રમાણે, બેબોના બાંદ્રા સ્થિત ઘરને સીલ કરી દેવાયું છે. છેલ્લા કેટલાક દિવસથી કરીના કપૂરની તબિયત ઠીક નહોતી અને રિપોર્ટ કરાવતા તે પોઝિટિવ આવ્યો હતો. આ અંગે એક્ટ્રેસના પિતા રણધીર કપૂરે કહ્યું હતું કે, 'કરીનાને હળવો તાવ હતો અને રવિવારે તેનું શરીર દુ:ખી રહ્યું હતું. તેથી, તેણે ટેસ્ટ કરાવ્યો હતો. પરંતુ તે એકદમ ઠીક છે. ડોક્ટર તેની સારી સંભાળ રાખી રહ્યા છે. જ્યારે કરીના કપૂરના બે દીકરા તૈમૂર અને જેહ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, 'તે હાલ હોમ ક્વોરન્ટાઈન છે અને તેથી મેં તેને બંને બાળકોને મારા ઘરે મોકલી દેવા કહ્યું હતું. પરંતુ તેણે કહ્યું હતું કે, તૈમૂર અને જેહ તેની સાથે રહી શકે છે. કોવિડ-૧૯ રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ કરીના કપૂરે સોશિયલ મીડિયા પર એક સ્ટેટમેન્ટ જાહેર કર્યું હતું.

## પૂંછમાં સેનાની કાર્યવાહીમાં એક આતંકી ઠાર : ત્રણ જવાન શહીદ

શ્રીનગર, તા.૧૪

જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં ભારતીય સેનાની આતંકીઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી ચાલુ છે. સેનાને આતંકીઓ છૂપાયેલા હોવાની બાતમી મળી હતી. એક આતંકી માર્યો ગયો હોવાના સમાચાર છે. અત્રે જણાવવાનું કે શ્રીનગરમાં ગત રાતે આતંકીઓએ સુરક્ષાદળો પર હુમલો કર્યો હતો. જેમાં ૩ પોલીસકર્મીઓ શહીદ થયા અને ૧૧ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. જે હાલ સારવાર હેઠળ છે. આતંકી હુમલામાં ઘાયલ થયેલો ત્રીજો જવાન રમીઝ અહેમદ આજે સવારે શહીદ થયો. સારવાર દરમિયાન તેનું નિધન થયું. આતંકી હુમલામાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. શ્રીનગરમાં થયેલા આ હુમલાની જવાબદારી જૈશ એ મોહમ્મદે લીધી છે. જૈશ એ મોહમ્મદ અને કાશ્મીર ટાઈગર્સે મળીને આ હુમલો કર્યો હોવાનું કહેવાય છે. આ બાજુ પૂંછમાં સુરક્ષાદળોએ આતંકીઓને ચારેબાજુથી ઘેરી લીધા છે. બંને બાજુથી ખુબ ફાયરિંગ થઈ રહ્યું છે. આતંકીઓનું બચવું હવે અશક્ય છે. ૧૬ રાષ્ટ્રીય રાઈફલ્સ અને એસઓજીની ટીમ મળીને આતંકીઓ વિરુદ્ધ આ જોઈન્ટ ઓપરેશન ચલાવી રહી છે.

સુરક્ષાદળોને ઈનપુટ મળ્યું હતું કે પૂંછમાં ૨થી ૩ આતંકીઓ છૂપાયેલા છે. નોંધનીય છે કે જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં એકવાર ફરીથી આતંકીઓએ કાયરતાપૂર્ણ હુમલો કર્યો અને શ્રીનગરમાં સુરક્ષાદળોની એક બસને નિશાન બનાવી. આ હુમલામાં ૩ જવાન શહીદ થયા હતા.

**જોઈએ છે**


**પેટ્રોલ પંપે ફીલર તરીકે કામ કરી શકે તેવા પ્રામાણિક તથા હોનહાર માણસો..**

લાયકાત : ધોરણ-૧૦ પાસ, બાયોડેટા સાથે રૂબરૂ મળો.

**મનાવા પેટ્રોલિયમ**

ક-૭, ગાંધીનગર

સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ ● સાંજે ૫-૦૦ થી ૭-૦૦




GANDHINAGAR : PUNJAB HYUNDAI : Ph. 78200 03300, KALOL : Ph. 98250 48137,
DEHGAM : Ph. 98250 42175, KUDASAN : Ph. 9825035561